અપીલ અરજી નં.૪૨ તા.૨૭–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી શેખ ઈરફાનમીયા હુસનમીયા
સામાવાળાઃ–કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલ

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેખ ઈરફાનમીયા હુસનમીયાની તા.૨૪–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરમાં જે ચાલતી સીટી બસ હદ બહાર વિસ્તારમાં વધારવામાં આવે છે કયાંથી કયાં સુધી વિસ્તાર વધારવામાં આવે છે કેટલા કી.મી.ની રેન્જ આપવામાં આવે છે. મુદ્દા નં.(૨) સુરત શહેરમાં સીટી બસને કેટલા પેસેન્જરનું પરમીટ છે અને કેટલા હદ બહાર વિસ્તારમાં બસો ચલાવવાની પરમીશન આપે છે અને એનો સમય શું છે વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની અપીલ તા.૨૭–૪–'૧૧ ની **SMC/FAP** નં.૪૨/૨૦૧૧–૧૨

શ્રી શેખ ઈરફાનમીયા હુસનમીયાની તા.૨૪–૩–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેરમાં જે ચાલતી સીટી બસ હદ બહાર વિસ્તારમાં વધારવામાં આવે છે કયાંથી કયાં સુધી વિસ્તાર વધારવામાં આવે છે કેટલા કી.મી.ની રેન્જ આપવામાં આવે છે. મુદ્દા નં.(૨) સુરત શહેરમાં સીટી બસને કેટલા પેસેન્જરનું પરમીટ છે અને કેટલા હદ બહાર વિસ્તારમાં બસો ચલાવવાની પરમીશન આપે છે અને એનો સમય શું છે વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭ તા.૨–૫–૧૧ થી કાર્યપાલક ઈ જનેર અને જાહેર માહિતી અધિકારી ટ્રાફીક સેલને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટ્રાફીક સેલ/આ.નં.૨૫૫ તા.૧૨–૫–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી કાર્યપાલક ઈજનેર ટ્રાફીકસેલને તબદીલ કર્યા અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૯૦૭ તા.૨૫–૩–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટ્રાફીક સેલ/આ.નં.૩૦ તા.૭–૪–૧૧ ના પત્રની નકલ તથા ફાળવેલ જગ્યા અંગેનું પત્રક તથા બસ ભાડા અંગેના પત્રકની નકલો અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૪–૩–૧૧ ની અરજીથી અરજદારે સીટી બસના વિસ્તાર, ભાડુ અને મહાનગરપાલિકાને ફાળવેલી જગ્યા, પરમીશન અને આવક વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /જાવક/૧૯૦૭ તા.૨૫–૩–૧૧ થી કાર્યપાલક ઈજનેર ટ્રાફીક સેલને તબદીલ કરવામાં આવેલ. ટ્રાફીક સેલ તરફથી પત્ર નં.ટ્રાફીકસેલ/આન.ં.૩૦ તા.૭–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ કે જવાબ મળેલ નથી તેવું જણાવી તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સુરત શહેરમાં જે ચાલતી સીટી બસ હદ બહાર વિસ્તારમાં વધારવામાં આવે છે કયાંથી કયાં સુધી વિસ્તાર વધારવામાં આવે છે કેટલા કી.મી.ની રેન્જ આપવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં ચાલતી સીટી બસની સુવિધા સીટી લીમીટની બહાર કડોદરાથી રીલાયન્સ ગેટ હજીરા સુધી, કામરેજથી રીલાયન્સ ગેટ હજીરા સુધી, સુરતથી ઓલપાડ વધુમાં સીટી બસ સુવિધા સીટી લીમીટથી ૧૦ કી.મી. ની મર્યાદામાં સીટી બસ સુવિધા આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) સુરત શહેરમાં સીટી બસને કેટલા પેસેન્જરનું પરમીટ છે અને કેટલા હદ બહાર વિસ્તારમાં બસો ચલાવવાની પરમીશન આપે છે અને એનો સમય શું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં સીટી બસમાં પેસેન્જર કેપીસીટી ૨૧,૩૨,૪૮ તથા ૫૬ સીટની છે તથા સ્ટેન્ડીંગ કેપીસીટી અનુક્રમે ૧૧ , ૧૬ ,૨૪, તથા ૨૮ વ્યકિતની છે. જે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીના ધ્વારા પ્રમાણિત છે. હદ બહારના વિસ્તારમાં બસ સંખ્યા નકકી કરવામાં આવેલ નથી પરંતુ રોજ ઓછામાં ઓછી સાત ટ્રીપ દોડાવવા મંજુરી આપેલ છે જેનું સમય પત્રક આ સાથે પત્રકમાં પૂરી પાડેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સુરત મહાનગરપાલિકાને કેટલું ભાડુ ચૂકવે છે અને કેટલી જગ્યા ફાળવવામાં આવેલી છે તમામે તમામ જગ્યાના નામ કેટલી જગ્યા અને કેટલું ભાડુ વસુલ કરવામાં આવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત સીટી બસ સેવા ચલાવવાનું કામ ખાનગી ઓપરેટરો ધ્વારા કરવામાં આવે છે જે અન્વયે સીટી બસ સંચાલકને ફાળવવામાં આવેલ જગ્યા અંગેનું પત્રક આ સાથે સામેલ કરેલ છે જે અન્વયે તેમની પાસે વાર્ષિક કુલ રૂા.૧૩,૦૫૦.૦૦ ભાડુ વસુલ કરવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૪) સુરત શહરેમાં ચાલતી સીટી બસ હદ બહાર ચાલતી સીટી બસની પરમીશન કઈ તારીખે આપેલ છે અને કઈ તારીખે પુરું થાય છે અને ટેન્ડર કોપીની નકલ તમામે તમામ વસ્તુની લેખિતમાં જાણ કરવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં ચાલતી સીટી બસને લીમીટથી બહાર ૧૦ કી.મી. ની મર્યાદામાં ચલાવવા અંગે સ્થા. સ. ઠ. નં.૧૨૮૩/૦૯ તા.૨૪–૯–૦૯ થી તથા મા. કમિ.શ્રી ની તા.૧૮–૨–૧૦ થી મંજુરી આપવામાં આવેલ છે તથા

તેની સમય મર્યાદા ટ્રાફીક સેલના વર્ક ઓર્ડર પત્ર નં.ટ્રાફીક સેલ/આ.નં.૦૧,૦૨,૦૩ તા.૯–૪–૦૭ થી પાંચ વર્ષ + દિવસ વધુ એટલે તા.૯–૭–૧૨ ના રોજ પૂર્ણ થાય છે વધુમાં ટેન્ડર કોપીની નકલ મેળવવા અંગે રૂા.૨/– પ્રતિ, પાના લેખે કુલ–૧૦૪ પાના દીઠ રૂા.૨૦૮/– ટ્રાફીક સેલની કચેરીમાં ભરપાઈ કર્યેથી મેળવી શકાશે. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારને સદર માહિતી સમય મર્યાદામાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારે તે માહિતી નાણા ભરીને મેળવેલ છે કે કેમ? તે અંગે અરજદારે અપીલ તબકકે જણાવેલ નથી. આથી અરજદાર જો માહિતી મેળવવા ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ કરેલ નાણા ભરપાઈ કરી માહિતી મેળવી શકે છે. (૫) સુરત શહેરની સીટીમાં કઈ કઈ જગ્યાએ જઈ શકે છે તમામે તમામ જગ્યાના નામ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરની સીટી બસ કુલ–૪૨ રૂટો પર દોડાવવામાં આવે છે. જેની વિગત ટ્રાફીક સેલ કચેરીએ રૂબરૂ સંપર્ક કર્યેથી મેળવી શકાશે. તેવું જણાવેલ છે. (૬) સુરત શહેરમાં ચાલતી સીટી બસ સુરત મહાનગરપાલિકાને ૧ વર્ષનું કેટલી ઈન્કમ ચૂકવે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા સંચાલિત સીટી બસ સેવા અન્વયે સીટી બસ સંચાલક પાસેથી સ્થા.સ. ઠ. નં. ૧૨૮૩ તા.૨૪–૯–૦૭ ની મંજુરી મુજબ વાર્ષિક પ્રિમીયમ પેટે કુલ રૂા.૨૧,૮૧,૯૮૪.૦૦ તથા પ્રતિ વર્ષે ૫ % વધુ રકમ વસુલવામાં આવે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારને નિયત સમયમાં માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે પરંતુ જાહેરમાહિતી અધિકારી એ ટ્રાફીકસેલ/આ.નં.૩૦ તા.૭–૪–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડેલ છે. આથી અપીલ અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૪ અંગેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીએ નિર્દિષ્ટ કરેલ રકમ ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ટ્રાફીક સેલ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી શેખ ઈરફાનમીયા હુસનમીયા,